

## અનુષ્કા-વિરાટ

**૧૧ ડિસેમ્બર** ચાર વર્ષના ડેટિંગ અને લાંબી અટકળો બાદ ભારતીય ક્રિકેટ ટીમના કપ્તાન વિરાટ કોહલીએ બોલીવૂડ સ્ટાર અનુષ્કા શર્મા સાથે ઇટાલીમાં માત્ર પરિવારજનો અને નિકટના મિત્રોની હાજરીમાં લગ્ન કર્યા.



## સાગરિકા ઘાટગે-ઝહીર ખાન

**૨૩ નવેમ્બર** ક્રિકેટર ઝહીર ખાને બોલીવૂડ અભિનેત્રી સાગરિકા ઘાટગે સાથે સંબંધીઓ અને નિકટના મિત્રોની હાજરીમાં લગ્ન કર્યા.



## રૂકમણિ સહાય-નીલ નીતિન મુકેશ

**૯ ફેબ્રુઆરી** બોલીવૂડ સ્ટાર નીલ નીતિન મુકેશે એવિયેશન સેક્ટરમાં કામ કરતી રૂકમણિ સહાય સાથે લગ્ન કર્યા.



## ભારતી સિંહ-હર્ષ લિંબાચીઆ

**૩ ડિસેમ્બર** કોમેડી ક્વિન ભારતી તેના લાંબા સમયના બોયફ્રેન્ડ હર્ષ લિંબાચીઆ સાથે ગોવામાં લગ્ન કર્યા.



## ઈશિતા-વત્સલ

**૨૮ નવેમ્બર** તનુશ્રી દત્તાની બહેન અને તાજેતરમાં ફિરંગીમાં દેખાયેલી ઇશિતા દત્તાએ બોયફ્રેન્ડ અને ટીવી-બોલીવૂડ અભિનેતા વત્સલ શેઠ સાથે મુંબઇમાં છાનામાના લગ્ન કર્યા.



## રાધા કપૂર-આદિત્ય ખન્ના

**૨૮ જાન્યુઆરી** યસ બેંકના સીઇઓ રાણા કપૂરની દીકરી અને દિલ્હીના બિઝનેસમેન રવિ ખન્નાના પુત્રના લગ્ન ભપકાદાર રીતે મુંબઈની તાજ પેલેસમાં થયા. ત્રણ દિવસ ચાલેલા સમારોહમાં શાહરૂખ, સલમાન, કંગના, ઋષિ કપૂર, રવિના ટંડન વગેરે મહેમાન હતા.



## સામંથા-નાગા ચૈતન્ય

**૬ ઓક્ટોબર** આ વર્ષના ફિલ્મ ઉદ્યોગના સૌથી લેવિશ લગ્નોમાંના એક. પીઢ અભિનેતા અને સાઉથના સુપરસ્ટાર નાગાર્જુનના દીકરા ચૈતન્યએ ગોવામાં સામંથા સાથે લગ્ન કર્યા. તમિલ વિધિથી લગ્ન બાદ ચર્ચમાં પણ મેરેજ થયા.



## નૌહીદ-રૂસ્તમ

**૫ જાન્યુઆરી** હિપ હિપ હુર્રેની જાણીતી અભિનેત્રી નૌહીદ કુસીએ લાંબા સમયના બોયફ્રેન્ડ રૂસ્તમ સાથે પારસી વિધિથી લગ્ન કર્યા.



## અમૃતા પુરી- ઈમરુન શેઠી

**૧૨ નવેમ્બર** કાય પો ચે અને આયશા જેવી ફિલ્મોમાં કામ કરનાર અભિનેત્રી અમૃતા પુરીએ બેંગ્કોકમાં લાંબા સમયના બોયફ્રેન્ડ અને હોટેલિયર ઇમરૂન શેઠી સાથે બેંગ્કોકમાં લગ્ન કર્યા.



## નિન દુસંજ-આફતાબ શિવદાસાની

**૩૧ ઓગષ્ટ** અભિનેતા આફતાબ શિવદાસાનીએ શ્રીલંકાના રિસોર્ટમાં લગ્ન કર્યા. ૨૦૧૪ની પાંચમી જૂને રજિસ્ટર્ડ મેરેજ કર્યા હતા પણ માળા ત્રણ વર્ષે પહેરાવી!!

## છૂટાછેડા



### ફરહાન અખ્તર-અધૂના

**૫ જુલાઇ** અભિનેતા ફરહાન અખ્તર અને અધૂનાએ ગયા વર્ષે કરેલી છૂટાછેડાની અરજીને ફેમિલિ કોર્ટે મંજૂર રાખી.



### હિમેશ રેશમિયા- કોમલ

**૫ જુલાઇ** ગયા વર્ષે છૂટાછેડાની જાહેરાત કરનાર જાણીતા સંગીતકાર હિમેશ રેશમિયા અને કોમલ આ વર્ષે વિધિવત રીતે ૨૨ વર્ષના લગ્નજીવન બાદ છૂટા થયા.



### વિશાલ દડલાની- પ્રિયાલી

**૨૯ જાન્યુઆરી** મ્યુઝિક કંપોઝર વિશાલ દડલાની અને પ્રિયાલી પણ વર્ષો સુધી અલગ રહ્યાં બાદ વિધિવત રીતે છૂટા પડ્યા.